

# ડેવિડ એટનબરો@100 : પ્રકૃતિપ્રેમી જિજ્ઞાસુ બાળકની જન્મશતાબ્દી!



**પગરવ**

★ પ્રશસ્ત પંડયા

ડેવિડ એટનબરો; સિર્ફ નામ હી કાફી હૈ! 8 મેના રોજ પ્રકૃતિને સતત નિરીક્ષણ કરતા આ જિજ્ઞાસુ ‘બાળક’ના સો વર્ષ પૂર્ણ થયા છે! ડેવિડ હજુય નાનાં બાળકની જેમ પ્રકૃતિને નિહાળે છે; તેમની આંખોમાં સતત નવું જોવાનો જોમ દેખાય છે અને જ્યારે તેઓ કશુંક નવું જોવે છે ત્યારે તે અન્યને કહેવાની તેમની તાલાવેલી હોય છે. ડેવિડ ફ્રેડરીક એટનબરોને ‘સર’નો ખિતાબ તો મળ્યો જ છે; પણ તે સાથે તેઓ દુનિયાભરના અતિપ્રતિષ્ઠિત એવોર્ડથી પણ નવાજાયા છે. તેમાંથી એક એવોર્ડ ‘ઇન્દિરા ગાંધી પિસ પ્રાઇઝ’ પણ છે. 1986 શરૂ થયેલા આ એવોર્ડ માટે 2019માં તેમની પસંદગી કરવામાં આવી હતી. એટનબરોને મળેલા એવોર્ડની યાદી જેટલી લાંબી છે; સ્વાભાવિક છે કે તેમનું કામ તેથીય વધુ છે. ડેવિડ એટનબરોની ઓળખ નેચરલ હિસ્ટોરિયન, કન્સર્વેશનિસ્ટ, નેચરલિસ્ટ, બ્રોડકાસ્ટર, લેખક અને પ્રોડ્યુસર તરીકેની છે. આ ઓળખ તેમણે મેળવી છે તેમના સાત દાયકાના કામ દ્વારા. દુનિયાભરમાં પ્રાણી-પશુઓ અને કુદરતે આપણી આસપાસ વેરેલી અફાટ દુનિયાને તેમણે કેમેરામાં કેદ કરી છે. તેના રહસ્યોને જાણવા-ઓળખવાનો તેમણે સતત પ્રયાસ કર્યો છે.

પર્વતો, દરિયા, ગાઢ જંગલો, સરોવર, રણમાં તેમણે જે પ્રાણી-પશુઓને જોયા અને તેમને સમજીને વિડિયો દ્વારા તેમણે ખૂબ સારું કન્ટેન્ટ દર્શકોને પીરસ્યું. તેમણે બનાવેલી ફિલ્મોમાં માત્ર કોરી માહિતી નહોતી; બલકે આ દુનિયાના રહસ્યોને સમજવાની પ્રબળ જિજ્ઞાસા હતી. તેમણે જે જોયું તેનાં કારણો જાણ્યા અને પછી તે દર્શકોને પીરસ્યું. આ રીતે અવિરત કાર્ય કરીને તેઓ માનવજાત માટે જે કંઈ મૂક્યું છે તે એટલું મહામૂલી છે જેને વારંવાર જોવું જોઈએ. સૌથી અગત્યની વાત એ છે કે અનેક પ્રયાસ છતાંય બાળકો-મોટેરાંઓને આપણે કુદરતે આપેલી ભેંટ પ્રત્યે કૃતજ્ઞતા દાખવવાનું શીખવી શકતા નથી. આ પડકારભર્યું કામ ડેવિડ એટનબરોના ડોક્યુમેન્ટરી ફિલ્મો દ્વારા થયું છે અને હજુય થઈ શકે છે.

ડેવિડ એટનબરો મૂળે ઈંગ્લેન્ડના છે અને તેઓ જે પરિવારમાંથી આવે છે તેમાં અન્ય અનેક પ્રતિભાશાળીઓનું નામ લઈ શકાય.

‘ગાંધી’ ફિલ્મનું નિર્માણ કરનારા ખ્યાતનામ ડિરેક્ટર રિચાર્ડ એટનબરો તેમના ભાઈ છે. તેમના એક અન્ય ભાઈ જોહન એટનબરો મોટર ઈન્ડસ્ટ્રીઝમાં ગણનાપાત્ર નામ છે. એટનબરો પરિવારની બીજી પેઢી પણ અનેક ક્ષેત્રોમાં યોગદાન આપી રહી છે. અદ્વિતિય લાગતી ડેવિડ એટનબરોની યાત્રાની શરૂઆત ‘બીબીસી’ના જુદા જુદા કાર્યક્રમોથી થઈ હતી. અહીંયા તેઓ પ્રોડ્યુસર તરીકે કાર્યરત હતા. બાળપણથી તેઓ જીવજંતુ, પક્ષી અને પથ્થરોમાં રૂચિ ધરાવતા હતા અને કલાકો સુધી આ બધાને નિહાળતા રહેતા. તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીથી પ્રાકૃતિક વિજ્ઞાનનો અભ્યાસ કર્યો અને તે પછી તેઓ બીજા વિશ્વયુદ્ધમાં નેવીમાં પણ જોડાયા. આશ્ચર્યની વાત એ છે કે ‘બીબીસી’ દ્વારા તેમને પહેલાં તો નોકરી આપવાથી ઈનકાર કરવામાં આવ્યો હતો. તેમનો આ આરંભનો કાળ પડકારભર્યો હતો. તેઓ દિવસોના દિવસો સુધી વિડિયોનું એડિટિંગ કરતા, તેમાં ક્યારે-કેવો અવાજ આવવો જોઈએ તે માટે મશક્કત કરતા અને સાથે-સાથે સ્ક્રિપ્ટિંગમાં જે કંઈ તેમણે લખ્યું હોય તેની વૈજ્ઞાનિક બાબતોની પૃષ્ટિ કરવાનું કામેય ચાલુ હોય. આ રીતે તેઓ સતત કામમાં રચ્યાપચ્યા રહીને; આ શાસ્ત્રને હસ્તગત કર્યું. 1950માં મહદંશે જે પ્રાણી-પશુઓના જીવન સંબંધિત જે સ્ટુડિયોમાં બેસીને થતું, તે રીત ડેવિડ રીતભાત બદલી નાંખી. તેઓ સીધા જ જંગલોમાં પહોંચ્યા અને ત્યાંથી તેઓ ફૂટેજ લઈ આવ્યા. આ વિડિયો ફૂટેજથી તેમણે સ્ટોરી ઘડી અને તેમણે બયાન કરી. આ રીતે રસપ્રદ રીતે કથા કહેવાનો તેમનો મહાવરો થતો ગયો અને હવે તે પ્રાણીજગતની કથા કહેનારા અદ્વિતિય કથાકાર છે.

‘બીબીસી’માં જોડાયા બાદ તેમણે આરંભમાં કાર્યક્રમો તો કર્યા, પણ તેમને ઓળખ મળી તે ‘ઝૂ ક્વેસ્ટ’ નામના કાર્યક્રમ દ્વારા. 1954થી 1963 દરમિયાન ‘બીબીસી’ પર પ્રસારીત થયેલા આ કાર્યક્રમમાં મૂળે ડેવિડ લંડન ઝૂમાં પ્રાણી-પશુઓને કેવી રીતે લાવવામાં આવે છે તે પ્રક્રિયાનું શૂટિંગ કરવામાં આવતું. તે વખતે પ્રાણીસંગ્રાહલયમાં અન્ય સ્થળ-દેશથી પશુ-પ્રાણીઓને લાવવાની બાબત સામાન્ય હતી. આ કાર્યક્રમ લોકપ્રિય થયો અને તે સાત સિરીઝમાં 42 એપિસોડમાં શૂટ થયા હતા. ‘ઝૂ ક્વેસ્ટ’એટનબરોને ઓળખ અપાવી અને સાથે સાથે તેમને પ્રાણીજગતની દુનિયામાં પ્રેઝન્ટર તરીકે સ્થાપિત કરી દીધા. જોકે તેમની આ કામગીરીમાં એક અવકાશ અભ્યાસ માટે લીધો. તેમણે ‘લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ’માં માનવશાસ્ત્રનો અભ્યાસ કર્યો. તે દરમિયાન ફરી વાર તેમને ‘બીબીસી’માંથી બોલાવવામાં આવ્યા અને તેઓ અભ્યાસના અધવચ્ચે ‘બીબીસી’માં જોડાયા. આ રીતે તેમની સફર આગળ વધી અને તેઓ તાંઝાનિયા પહોંચ્યા અને હાથી પર લાંબી ફિલ્મ બનાવી. જોકે ‘બીબીસી’માં તેમનું પોતાનું કામ આગળ વધી રહ્યું નહોતું, તેથી તેમણે ફરી વાર ત્યાંથી રાજીનામું આપ્યું. આ રીતે નાનાં-મોટાં કામોથી ડેવિડ એટનબરોનું નામ ગાજતું રહ્યું, પરંતુ 1979માં તેમનું ‘લાઈફ ઑન અર્થ’નામની સીરિઝ આવી ત્યારે વાઈલ્ડ લાઈફ ફિલ્મમેકિંગના માપદંડ બદલાઈ ગયા. ડેવિડ એટનબરો અને તેમની ટીમ આ કાર્યક્રમને એ સ્તરે લઈ ગયા કે તેમણે અભ્યાસી, સંશોધકો અને વિજ્ઞાનીઓનો પણ વિશ્વાસ જીત્યો. તે પછી તો તેમણે ‘લાઈફ’સીરિઝની હારમાળા સર્જી. 1990માં ‘ધ ટ્રાયલ્સ ઑફ લાઈફ’કાર્યક્રમ આવ્યો, જેમાં પ્રાણીજગતના જીવનના વિવિધ તબક્કાને દર્શાવવામાં આવતો હતો.




**એટનબરોની એવી અનેક સિદ્ધિ છે જે સ્વપ્નવત્ત લાગે. જેમ કે, વીસ જેટલાં પ્રજાતિના નામોમાં એટનબરોનું નામ આપવામાં આવ્યું છે અને તેમને અત્યાર સુધી બ્રિટનની જુદી જુદી યુનિવર્સિટીઝમાંથી 32 જેટલી માનદ ડિગ્રી મેળવી છે**

એટનબરોએ વિશ્વભરમાં આ રીતે જંગલોમાં ફરીને અને પશુ-પ્રાણીઓનું જીવન નિહાળીને જે અનુભવ એકઠો કર્યો તે અનેક ઈન્ટરવ્યૂમાં બયાન થયો છે. તેમણે આવાં એક ઈન્ટરવ્યૂમાં ‘લાઈફ ઈન ધ ટ્રીઝ’ના કાર્યક્રમની વાત કરી હતી. આ કાર્યક્રમ અર્થે તેઓ રવાન્ડા દેશના ગોરિલા અભયારણ્યમાં ગયા હતા. અહીં તેમણે ગોરિલા સાથે ખાસ્સો સમય વિતાવ્યો હતો. ગોરિલા વિશે તેમણે ઈન્ટર્વ્યૂમાં વાત કરતા કહે છે : ‘ગોરિલા અને આપણે ખાસ્સા એકસરીખા છે. તેમની આંખો, તેમની શ્રવણશક્તિ, તેમની સુંઘવાની શક્તિ આપણા જેવી જ છે અને આપણે જે રીતે દુનિયાને જોઈએ છીએ તે રીતે જ તેઓ વિશ્વને જુએ છે. તેઓ આપણી જેમ સામાજિક જીવન જીવે છે અને પરિવારમાં પણ તેમનો કાયમી સંબંધ રહે છે. તેઓ જમીન પર આપણી જેમ જ ચાલે છે, જોકે તેમ છતાં તેઓ આપણા કરતા અનેક ગણા શક્તિશાળી છે. અને તે ખૂબ ખોટું છે કે માણસ જે કંઈ આક્રોશભર્યું કે હિંસક દર્શાવવા માટે ગોરિલાને સિમ્બોલાઈઝ કરે છે. ગોરિલા આવી કોઈ બાબત ધરાવતા નથી, જે ખરેખર આપણામાં છે.’

એટનબરોની એવી અનેક સિદ્ધિ છે જે સ્વપ્નવત્ત લાગે. જેમ કે, વીસ જેટલાં પ્રજાતિના નામોમાં એટનબરોનું નામ આપવામાં આવ્યું છે અને તેમને અત્યાર સુધી બ્રિટનની જુદી જુદી યુનિવર્સિટીઝમાંથી 32 જેટલી માનદ ડિગ્રી મેળવી છે.

આવું કામ કર્યા બાદ તેમણે પર્યાવરણ બાબતે એવું વલણ રાખ્યું જેના કારણે પર્યાવરણ અને જીવસૃષ્ટિને થતાં નુકસાનને અટકાવી શકાય. દુનિયાભરમાં ચાલતી પર્યાવરણની અનેક મુહિમને તેમણે ટેકો જાહેર કર્યો છે.

દરિયાઈ પ્રદૂષણ, પ્લાસ્ટિકથી થતું નુકસાન, જૈવવૈવિધ્યનું સંરક્ષણ અને પ્રજાતિઓના લુપ્ત થવા વિશે એટનબરો પોતાનો અવાજ સતત બુલંદી પર રાખ્યો છે. 2017માં તેમણે ‘બ્લુ પ્લાનેટ-2’નામનો એક કાર્યક્રમ નિર્માણ કર્યો હતો, તે પછી વિશ્વમાં પ્લાસ્ટિકના ઉપયોગને લઈને અનેક પ્લેટફોર્મ પર ચર્ચા છેડાઈ. દરિયાઈ પક્ષીઓના પેટમાં પ્લાસ્ટિક અને વ્હેલની આસપાસના કચરા સંબંધી જે કંઈ દશ્યો એટનબરોએ દાખવ્યા તેનાથી અનેક દેશોમાં કંપનીઓએ પોતાના પેકેજિંગની નીતિ બદલી હતી.

કન્ટેન્ટ બાબતે તેમણે જે કાર્ય કર્યું તે અદ્ભુત છે, સાથે-સાથે એટનબરોનું ટેકનોલોજી સંબંધિત જે પ્રયોગો કર્યા તેનાથી પણ એક નવો ટ્રેન્ડ શરૂ થયો. માઈક્રો કેમેરા, ડ્રોન તકનીકી, અલ્ટ્રા હાઈ ડેફિનેશન ફિલ્મિંગ, ડીપ સી કેમેરા અને ટાઈમ-લેપ્સ જેવી શૈલી તેઓ વાઈલ્ડ લાઈફ ફિલ્મોમાં લઈ આવ્યા.

ડેવિડ એટનબરોના કાર્યની આટલા શબ્દોમાં ઝલક પણ આપી શકાય નહીં, એટલું વ્યાપક છે. ડેવિડ એટનબરોના પરિચય માટે તો સૌકોઈએ તેમનાં જીવનમાં જાતે ડૂબકી લગાવવાની રહે.